જન્મદિને વધામણી

દીપલ અલ્પેશકુમાર જોષી
મો. ૯૦૧૮૮ ૬૩૬૨૦

ભાવેશ મુકેશભાઈ પરમાર

કિન્નરી ભટ્ટ
મો. ૯૯૦૪૯ ૬૩૭૫૩

કુંજ પ્રજાપતિ

શ્રુતિ ડી બારડીયા

સેક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા મનભાવક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આયોજિત એક સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ ઉપરાંત વિદ્યાર્થીઓના વાલીઓ અને સ્થાનિક વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તથા ઉપસ્થિત અતિથિઓનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સૂર્યસિંહ ડાભીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ ધોરણ-૮ના સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ દ્વારા પરેડનું નિદર્શન પણ પ્રશસ્તિ મેળવી ગયું હતું. કાર્યક્રમના અંત ભાગમાં પ્રિન્સિપાલ મનિષ ખત્રીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમને દીપાવવા માટે શિક્ષકોએ જહેમત ઊઠાવી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઍરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૨
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩
ઍરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

સ્ક્રીન-૫
ઍરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦

૬૭મા પ્રજાસત્તાક દિવસની પિયજ પ્રાથમિક શાળા ખાતે ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લાના કલોલ તાલુકાની પિયજ પ્રાથમિક શાળામાં ૬૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

'દીકરીની સલામ દેશને નામ' થીમ અંતર્ગત આ ઉજવણીમાં સૌથી વધુ સુશિક્ષિત દીકરી કુ. હેતલબેન કાંતિભાઈ પરમારના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય અને ઉપાચાર્યએ તેને સ્મૃતિ ચિન્હ અને પ્રશસ્તિપત્ર એનાયત કર્યું હતું. પિયજમાં એપ્રિલ, ૨૦૧૫થી જાન્યુઆરી, ૨૦૧૬ સુધીમાં જન્મેલી ૩૧ દીકરીઓ અને તેમના વાલીઓનું આ કાર્યક્રમ અંતર્ગત અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં રાષ્ટ્રની સેવા કરનાર ઍરફોર્સના નિવૃત્ત અધિકારી સપનકુમાર મણિએ ઉપસ્થિત રહી યુવાનો અને વિદ્યાર્થીઓને ઍરફોર્સમાં જોડાવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને તેમણે પોતાની સુંદર કૃતિઓથી દર્શકોનાં દિલ જીતી લીધાં હતાં.

એ પછીના ઉપક્રમમાં શાળાને દાન આપનારા દાતાઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દિનેશભાઈ એચ પટેલે કર્યું હતું. પિયજના સરપંચ કીર્તિકુમાર લેઉવા અને શાળાના આચાર્ય મેહુલકુમાર બી કવિએ કાર્યક્રમની સફળતા માટે શિક્ષકો, વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે કે જી વિભાગનો સ્પૉર્ટ્સ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૦

શાળા વિદ્યાર્થીઓ માટે બીજું ઘર છે અને તેથી જ શાળામાં વિદ્યાર્થીઓને પારિવારિક ભાવ જાગે તેવું વાતાવરણ અનિવાર્ય છે. શાળામાં વિદ્યાર્થીઓનો શારીરિક, માનસિક અને બૌદ્ધિક અર્થાત સર્વાંગી વિકાસ થાય તે રીતના પ્રયત્નો અને આયોજનો થાય તે ખૂબ જરૂરી છે, એવું પિછાણીને સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે કે જી વિભાગનાં ભૂલકાઓ તથા તેમના વાલીઓ માટે સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો, વાલીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

ભૂલકાઓએ જ પોતાની કાલીઘેલી વાણીથી અતિથિઓને આવકાર્યા અને ત્યારબાદ શિસ્તબદ્ધ રીતે માર્ચપાસ્ટ પણ કરી. ડમબેલ્સ ડ્રીલ તથા પોમપોમ કોરિયોગ્રાફી જોઈને સૌના મુખમાંથી 'વાહ' સરી પડી હતી.

ઉપરાંત હર્ડલ રેસ, મેક ઓવર રેસ, હેલ્પીંગ મોમ, આઈ કેન ડુ ઈટ જેવી રેસ દ્વારા જાણે વિદ્યાર્થીઓએ જીવન વ્યવહારો શીખવાનું શરૂ કરી દીધું છે એવી ખાતરી સૌને કરાવી દીધી હતી. પોતાનાં બાળકોને સુંદર રીતે રમતાં જોઈને વાલીઓને પણ પોતાનું બાળપણ યાદ આવી ગયું હતું, તેમણે આ આયોજનને મુક્ત મને વખાણ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના તમામ શિક્ષકોએ ઉત્કૃષ્ટ ટીમવર્કથી કાર્ય કર્યું હતું.

સાંઈ કૃપા ટ્રસ્ટ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ

૧૮૦ જેટલાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર ચિત્રો તૈયાર કર્યાં

(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરના સાંઈ કૃપા ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮૦ જેટલાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૬થી ૧૨ વર્ષ અને ૧૩થી ૨૧ વર્ષ એમ બે વિભાગમાં આ સ્પર્ધા યોજાઈ હતી. દરેક વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારાં બાળકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધાનું સફળ સંચાલન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી નરસિંહભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

'દીકરીની સલામ દેશને નામ' થીમ સાથે રાંધેજા પ્રાથમિક શાળા (કુમાર અને કન્યા) ખાતે દેશના ૬૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ધામધૂમ સાથે કરવામાં આવી હતી. ગામની જ દીકરી અને ગામની શાળામાં જ અભ્યાસ કરીને આવેલી દીકરીના હસ્તે ધ્વજવંદન આ કાર્યક્રમ અંતર્ગત કરાવવામાં આવ્યું હતું તથા દીકરીને જન્મ આપનારાં માતા-પિતાને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ પ્રસ્તુત કર્યા હતા.

રમતમાં રાજરમતવાળી અનેક ફિલ્મોનું સ્વાદિષ્ટ સંમિશ્રણ : 'સાલા ખડૂસ'

બે મહિલા બૉક્સર સામે સ્પર્ધામાં પંચીંગ બેગ જેવી સની લિઓનીની બે-બે ભૂમિકા !!!

શુક્રવારના સાંજના ૫.૪૫નો શૉ છે. સિનેમા હૉલની ટિકિટ બારી પર 'સાલા ખડૂસ' ની ટિકિટ માંગી... બૂકીંગ કલાર્કે બહુ જ બેફિકરાઈથી કહ્યું, 'ઉભા રહો, પાંચ પ્રેક્ષકો આવે તો શૉ થશે, બાકી કેન્સલ...' સિનેમા હૉલ માટે પ્રેક્ષકો આવે એવી પ્રાર્થના કરતો હું ઉભો રહ્યો. ત્યાં ઘણા યુવાનોના ટોળાં આવ્યા... પણ બધા 'મસ્તીઝાદે' નીકળ્યાં...!!! હું તો ઉભો જ હતો. બૂકીંગ કલાર્ક મને ઉભેલો જ જોઈને મનમાં બોલતો હશે, 'સાલા ખડૂસ...', પણ હું ન હટયો... ત્યાં નાના બાળક સાથે એક યુગલ આવ્યું, અને 'ત્રણ સાલા ખડૂસ' ટિકિટ માગી. હું સ્વાગત કરવા ઉભો હોઉં એમ મારાથી એમને આવકારાઈ ગયા !!! તોય પાંચને બદલે ચાર જ પ્રેક્ષક થયા. મેં કહ્યું, 'હું ભલે એકલો છું, તોય હું બે ટિકિટ લઉ... તો પાંચ ટિકિટ થઈ જાયને ?' બૂકીંગ કલાર્ક પણ ખડૂસ હતો એ કહે, 'એમ ના ચાલે, મારે ઉપર પુછવું પડશે... આજે સવારથી 'સાલા ખડૂસ'નો એક પણ શૉ નથી થયો.' બૂકીંગ કલાર્કે ફોન કરીને ઉપર પૂછ્યું. 'ઉપરથી' અનુમતિ આવી, અને 'ઍરલિફ્ટ'માં વિમાન આવ્યું ત્યારે ભારતીયોને થયો હતો એવો આનંદ મને થયો. સિનેમાહૉલવાળાનો વિચાર બદલી જાય તે પહેલાં જલદી-જલદી ટિકિટ લઈને અમે ચાર પ્રેક્ષકો સિનેમાહૉલમાં ગોઠવાયા... ફિલ્મ શરૂ થવામાં હતી, ત્યાં બીજી બે યુવતિઓ આવી... આમ સિનેમાહૉલમાં શુક્રવારે સાંજે શરૂ થઈ શકેલા પહેલા શૉમાં અમે માત્ર છ પ્રેક્ષકો... અને ફિલ્મ શરૂ થઈ...

નાની-નાની અનેક સત્ય ઘટનાઓ, પ્રસંગો અને વાતો પરથી એક તેજસ્વી લેખિકા અને દિગ્દર્શિકા સુધા કોંગરા પ્રસાદે બનાવેલી ફિલ્મ 'સાલા ખડૂસ' વધુ એક 'આઉટ ઑફ ધી બૉક્સ' ફિલ્મ છે. સ્પોર્ટસ ડ્રામા એ ફિલ્મનો અલગ પ્રકાર છે. 'ચક દે ઈન્ડિયા'માં મહિલા હૉકીની રમતની આસપાસ વાર્તા છે, એમ 'સાલા ખડૂસ' મહિલા બૉક્સિંગની રીંગમાં છે. મહિલા બૉક્સરની લાઈફ પર આધારિત પ્રિયંકા ચોપરાની 'મેરી કૉમ' ફિલ્મમાં પ્રેક્ષકો મહિલા બૉક્સિંગની રમત અને તેમાંની રાજરમત જોઈ ચુક્યા છે. કંઈક અંશે 'સાલા ખડૂસ' આ બન્ને ફિલ્મોના મિશ્રણમાંથી વિશેષ માવજતથી તૈયાર કરાયેલા સ્વાદિષ્ટ વ્યંજન જેવી છે. જો કે મુખ્ય અભિનેતા અને આ ફિલ્મના સહનિર્માતા આર.માધવનને લાગી આવે છે જયારે કોઈ 'સાલા ખડૂસ'ની કોઈ અન્ય ફિલ્મ સાથે સરખામણી કરે છે...!

આર. માધવન હોનહાર બૉક્સર છે. પરંન્તુ બૉક્સિંગને બદલે રાજરમતમાં પાવરધો ઝાકીર હુસેન તેને નૉક આઉટ કરી નાખે છે. માધવન-અદી તોમર હવે બૉક્સિંગ કોચ બને છે. અહીં પણ ઝાકીર હુસેન હેડ કોચ છે. એટલે અદી તોમરની હેરાનગતિ ચાલુ રહે છે. આર. માધવન પણ જિદ્દી છે. આસાનીથી હાર માની જનારો સામાન્ય માણસ નથી. તેનું પોસ્ટીંગ જયાં સૌથી નબળી મહિલા બૉક્સરો છે, ત્યાં ચેન્નાઈ કરવામાં આવે છે. તો એ ત્યાં પણ પોતાની જિદ છોડતો નથી. બૉક્સિંગ એની લગની છે. અન્ય લોકોને 'ખડૂસ' લાગે એટલી હદે તે પોતાનું જ ધાર્યું કરનારો, સત્યને વળગી રહેનારો અને પોતાના કામ સિવાય કોઈ જ વાતને નહીં ગણકારનારો સારો માણસ છે.

આર. માધવન-અદીને પોતાના જેવી જ એક અડીયલ, જિદ્દી અને મગજની ફરેલી યુવાન ગરીબ માછણ મળે છે, જે પોતાની મોટી બહેનને બૉક્સર બનાવવા તત્પર છે. અદીને યુવાન માછણ-રિતિકા સિંઘ-મેઢીમાં રસ પડે છે... એટલે સામાન્ય હિન્દી ફિલ્મમાં હિરોઈનને જોઈને હિરોને પડે એવો રસ નહીં...! કોચ અદીને મેઢીમાં વર્લ્ડ ચેમ્પિયન બની શકવાની ક્ષમતા દેખાય છે... એક કોચ-ગુરૂ પોતાની ખેલાડી-શિષ્યને સમર્થ અને સફળ બનાવવા કેવું-કેવું બલિદાન આપે છે, અને વાર્તા કેવા-કેવા વળાંક લે છે એ પણ હું કહી દઈશ તો તમે જ કહેશો- 'સાલા ખડૂસ'.

રિયલ વ્યુ
હિરેન ભટ્ટ

ફિલ્મ દિગ્દર્શિકા સુધા કોંગરા પ્રસાદે પાંચેક વર્ષ પહેલાં ચેન્નાઈથી પ્રસિધ્ધ થતા ભારતના લીડીંગ અખબાર 'ધ હિન્દુ'માં ઉત્તર ચેન્નાઈના બૉક્સિંગ કલ્ચર વિષે તંત્રીલેખ વાંચ્યો હતો, ત્યારથી તેમણે મહિલા બૉક્સિંગ વિષેની વિગતો એકત્ર કરવા માંડી હતી. અનેક વાતો, ઘટનાઓ અને પ્રસંગોને સાંકળીને સુધા કોંગરા પ્રસાદે જ 'સાલા ખડૂસ'ની સ્ટોરી અને સ્ક્રીન-પ્લે લખ્યાં. દક્ષિણના જાણિતા સંવેદનશીલ દિગ્દર્શક મણિરત્નમ ('રોજા' ફેઈમ) સાથે સહાયક તરીકે સાત વર્ષથી પણ વધુ સમય સુધી જોડાયેલા રહેલા સુધા કોંગરા પ્રસાદે આ પહેલાં તેલુગુ અને તમિલ ફિલ્મો બનાવી છે, પરન્તુ હિન્દી ભાષામાં તેમની આ પહેલી ફિલ્મ છે. હિન્દીમાં તેમની આ પહેલી જ ફિલ્મ હોય એવું ક્યાંય લાગતું નથી. મણિરત્નમ સાથેના અનુભવ અને લેખિકા-સ્ક્રીનપ્લે રાઈટર તરીકેના અનુભવને કારણે 'સાલા ખડૂસ' કોઈ નિવડેલા દિગ્દર્શકની અર્થસભર ફિલ્મ લાગે છે. જો કે રાજકુમાર હિરાણી (થ્રી ઈડીયટ્સ- મુન્નાભાઈ) એ આર. માધવન સાથેની ગાઢ મિત્રતામાં 'સાલા ખડૂસ' માત્ર સાઉથની ફ્લેર આપતી ફિલ્મ ન બની રહે એ માટે પોતાના સલાહ-સૂચન-માર્ગદર્શન જરૂર આપ્યાં છે. એટલું જ નહીં, આર.માધવને આ ફિલ્મના નિર્માણમાં પણ આર્થિક ભાગીદારી કરી છે એ નાતે પણ મિત્રો-રાજકુમાર હિરાણી, અભિજાત જોષી અને વિધુ વિનોદ ચોપરાએ ક્રિએટીવ પાર્ટ અને માર્કેટીંગમાં મદદ કરી છે.

આર. માધવને 'ખડૂસ' ની ભૂમિકામાં જીવ રેડ્યો છે. પીઢ કોચ તરીકે ભરાવદાર દાઢી અને લાંબા-લાંબા અસ્તવ્યસ્ત વાળમાં આર.માધવન મસ્ત-મસ્ત લાગે છે. ફિલ્મના નિર્માતા તરીકેનું ગાંભિર્ય તેના અભિનયમાં ડોકાય છે. બૉક્સિંગ કોચ તરીકે ચાર મહિના તેણે બૉક્સિંગની તાલીમ તો લીધી જ છે, એક બૉક્સરને બોલતી વખતે ઉચ્ચારણમાં જે તકલીફ પડતી હોય તે તાદેશ કરાવવા માધવને દાંતમાં મેટલ બ્રાસ ભરાવીને આખી ફિલ્મનું ડબીંગ કર્યું છે.

મેઢી-બૉક્સરનું પાત્ર ભજવનાર નવોદિત અભિનેત્રી રિયલમાં પણ કીક બૉક્સર-માર્શલ આર્ટ પરફોર્મર છે. મુંબઈની આ ૨૨ વર્ષની બૉક્સર ૨૦૦૯ એશિયન ઈન્ડોર ગેઈમ્સ અને સુપર ફાઈટ લીગ રમી છે. દિગ્દર્શિકા સુધા કોંગરા પ્રસાદે રિતિકા સિંઘને સુપર ફાઈટ લીગ વખતે રમતાં જોઈ હતી, ત્યારથી તેમણે રિતિકાને યાદ રાખી હતી. રિતિકા સિંઘે પણ મેઢીના પાત્રને પ્રશંસનીય ન્યાય આપ્યો છે. ફિલ્મના સંવેદનશીલ દશ્યોમાં રિતિકા સિંઘ બૉક્સરને બદલે અનુભવી અભિનેત્રી જ લાગે છે. રિતિકાની પસંદગી એ 'સાલા ખડૂસ' નો સૌથી મહત્વનો પ્લસ પોઈન્ટ છે. રિતિકા સિંઘને બદલે કોઈ જાણીતી અભિનેત્રી હોત તો 'સાલા ખડૂસ' ચીલાચાલુ હિન્દી ફિલ્મ બની જાત એમાં કોઈ શક નથી.

રિતિકા સિંઘની મોટી બહેન-લક્ષના પાત્રમાં ભારતના મહાન જાદુગર પી.સી. સરકાર જૂનિયરની દીકરી પ્રિતી સરકાર ઉર્ફે મુમતાઝ સરકાર છે. કલકત્તામાં જન્મી-ઉછરી-ભણેલી મુમતાઝ સરકાર પણ બૉક્સિંગ જાણે છે. સાઉથ કલકત્તા કલબના બંગાળ એમેચ્યોર બૉક્સિંગ ફેડરેશનની ખેલાડી મુમતાઝ સરકાર જૂડો ચેમ્પિયન છે અને શૉટપુટમાં ગોલ્ડ મેડાલિસ્ટ છે. જો કે મુમતાઝ સરકારે અભિનેત્રી તરીકે બંગાળી ભાષાની ફિલ્મોમાં કામ કર્યું છે ખરું.

'સાલા ખડૂસ' તેની સ્ટાર કાસ્ટને કારણે પણ અન્ય ફિલ્મોથી અલગ પડે છે. ફિલ્મનો ઓપનિંગ સીન સાવ જ નકામો અને અર્થહીન છે, તો ફિલ્મનું સૌથી છેલ્લું દેશ્ય માસ્ટર પીસ છે. ગુરુ અને શિષ્ય, કોચ અને ખેલાડી વચ્ચેનો સંબંધ ખરેખર કેવો હોય છે એ આ ફિલ્મના છેલ્લા દેશ્યમાં એકપણ શબ્દ બોલ્યા કે કહ્યા વિના દર્શાવાયું છે. આ એક જ સીન માટે દિગ્દર્શિકાને સલામ કરવાનું મન થાય.

ફિલ્મના અન્ય પાસા અસામાન્ય નથી, એવરેજ છે. સંતોષ નારાયણના સંગીત નિદર્શનમાં સ્વાનંદ કિરકિરે જેવા સિધ્ધહસ્ત ગીતકારે લખેલા ગીતો યાદગાર નથી બન્યા. શિવકુમાર વિજયનની સિનેમેટોગ્રાફી અને સતિશ સૂર્યાનું એડીટીંગ પણ એવરેજ છે. લેખન-દિગ્દર્શન અને સ્ક્રીન-પ્લેમાં જેટલી કાળજી લેવાઈ છે એટલી જ આ ટેકનિકલ બાબતોની અવગણના થઈ હોય એવું લાગે છે, અથવા ઓછું મહત્વ અપાયું છે.

આ ફિલ્મ એકી સાથે હિન્દી અને તામિલ એમ બે ભાષામાં બની છે. 'સાલા ખડૂસ'નું તામિલ ભાષામાં 'ઈરુધી સુતૃ' (ફાઈનલ રાઉન્ડ) એવું નામ છે. બન્ને ફિલ્મમાં ભાષા સિવાય કોઈ જ ચેન્જ નથી. શૂટીંગ વખતે જ બન્ને ભાષામાં શૂટીંગ કરાયું છે. બન્ને ભાષામાં એક જ દિવસે-ગયા શુક્રવારે આ ફિલ્મ રિલિઝ થઈ છે. એક તરફ સાવ સાફ સુથરી ફિલ્મ 'સાલા ખડૂસ' છે, તો તેની સામે સ્પર્ધામાં સેકસ કોમેડી 'મસ્તીઝાદે'છે. 'સાલા ખડૂસ'માં બે મહિલા બૉક્સર છે, તો 'મસ્તીઝાદે'માં પન્ચીંગ બેગ જેવી સની લીઓની બે-બે ભૂમિકામાં છે. પછી તો 'મસ્તીઝાદે'નું હાઉસ ભરાઈ જાય એમાં નવાઈ નહીં અને 'સાલા ખડૂસ' હોય તે જ અન્ય પ્રક્ષકોની પ્રતિક્ષા કરતા ટિકિટ બારી પર ઉભા રહે એમાં પણ આશ્ચર્ય નહીં...!

કિન્તુ-પરન્તુ જો તમને અર્થપૂર્ણ ફિલ્મો ગમતી હોય, ફિલ્મ એટલે માત્ર અને માત્ર મનોરંજન એવું તમે ન માનતા હો તો આ ફિલ્મ તમને ચોસ ગમશે જ. 'મસ્તીઝાદે' ભલે તમને 'સાલા ખડૂસ' કહે...!!!